# રહસ્યને છુપાવવું, ગુપ્તતા અને ગોપનીયતા

**રસૂલુલ્લાહ ﷺ ના સેવક હઝરત અનસ બિન માલિક رضي الله عنه** બાળકોની સાથે રમી રહ્યા હતા. રસૂલુલ્લાહ ﷺ પધાર્યા અને સલામ કર્યો અને હઝરત અનસ رضي الله عنه ને ચુપચાપ કોઈ કામ માટે મોકલી દીધા. કામમાં વાર થઈ ગઈ. જ્યારે તેઓ ઘરે પહોંચ્યા તો તેમની માતાએ પૂછ્યું - બેટા ! આટલી વાર સુધી ક્યાં હતા ? તેમણે જવાબ આપ્યો કે રસૂલુલ્લાહ ﷺ એ એક કામ માટે મોકલી દીધો હતો, એમાં વાર થઈ ગઈ. માતાએ પૂછ્યું કે શું કામ હતું ? હઝરત અનસ رضي الله عنه એ કહ્યું : અમ્મીજાન ! આ એક રહસ્ય છે. હું તમને નથી બતાવી શકતો. આ જવાબ સાંભળીને હઝરત અનસની માતાની ખુશીનો પાર ન રહ્યો. તેમણે ખુશીમાં કહ્યું : શાબાશ બેટા ! રસૂલુલ્લાહ ﷺ ના રહસ્યને કદાપિ જાહેર ન કરજો. (મુસ્લિમ)

હઝરત હફસા બિન્તે ઉમર رضي الله عنها ના પતિનું જ્યારે અવસાન થયું, તો હઝરત ઉમર رضي الله عنه ને તેમના બીજા લગ્ન ની ચિંતા થઈ. તેમણે હઝરત ઉસ્માન رضي الله عنه થી પોતાની સુપુત્રી વિશે વાત કરી. તેમણે કહ્યું - વિચારીને બતાવું છું. અમુક દિવસો પછી તેમણે કહ્યું કે હમણા લગ્ન નથી કરવા. હઝરત ઉમર رضي الله عنه એ આ જ મામલો હઝરત અબૂ બક્ર رضي الله عنهની સામે મૂક્યો. તેઓ ચુપ રહ્યા, ન હા કહી, ન તો ના કહી. હઝરત ઉમર رضي الله عنه આના પર થોડાક નારાજ પણ થયા. થોડાક દિવસ પછી રસૂલુલ્લાહ ﷺ એ હઝરત હફસા رضي الله عنها થી નિકાહનો સંદેશો મોકલ્યો અને નિકાહ કરી લીધા. આ પછી હઝરત ઉમર رضي الله عنه હઝરત અબૂ બક્ર رضي الله عنه ને મળ્યા, તો તેમણે કહ્યું : ઉમર ! કદાચ તમે મારા મૌનથી નારાજ થઈ ગયા હતા ? હઝરત ઉમર رضي الله عنه એ કહ્યું : હા, એવું જ હતું. ત્યારે હઝરત અબૂ બક્ર رضي الله عنه એ કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું હતું કે તેઓ તમારી સુપુત્રી સાથે નિકાહ કરવા ઈચ્છતા હતા, એ જ કારણસર હું મૌન હતો, નહિં તો તમે ના કહેતા તો પણ હું કરી લેતો. મેં તે વખતે યોગ્ય ન સમજ્યું કે હુઝૂર ﷺ ના રહસ્યને જાહેર કરી દઉં. (બુખારી)

સમાજની દૃઢતા માટે જ્યાં મજબૂત આધારોની જરૂર હોય છે, ત્યાં એવી ઘણી દેખીતી રીતે નાની-નાની વસ્તુઓ હોય છે, જેની કાળજી રાખવી જરૂરી હોય છે, કેમ કે તેની અસરો ખૂબ દૂર સુધી પડતી હોય છે. ઉદાહરણ રૂપે, આ જ ગુપ્તતા અને ગોપનીયતાનો મામલો છે, જે સમાજમાં આનું ધ્યાન ન રાખવામાં આવતું હોય, તે ધીમે-ધીમે જીર્ણક્ષીણ થઈ જાય છે.

રહસ્યો અને ગોપનીય વાતોના વિભિન્ન સ્વરૂપો હોય છે. પોત-પોતાના વર્તુળમાં દરેકનું મહત્ત્વ હોય છે. મુસલમાન હંમેશા ગોપનીય વાતોની રક્ષા કરે છે, ચાહે તે તેની પોતાની જાતથી સંબંધિત હોય કે તેના સમાજથી. રહસ્યની સુરક્ષા વ્યક્તિત્વ અને ચરિત્રની મજબૂતી અને પરિપક્વતાની એક નિશાની છે. જે વ્યક્તિ આ ગુણથી ખાલી હોય, તે લોકોમાં પોતાનું માન-સન્માન ખોઈ બેસે છે. લોકો તેનાથી દૂર જવા લાગે છે. રહસ્યો અને ગોપનીય વાતો વાસ્તવમાં અમાનત હોય છે. રહસ્યને જાહેર કરી દેવું અપ્રમાણિકતા અને વિશ્વાસઘાતનો એક

www.uzairfalahi.com

પ્રકાર છે. સ્પષ્ટ છે કે લોકો પોતાની અમાનત કોઈ વિશ્વાસઘાતી અને અપ્રમાણિક વ્યક્તિની પાસે શા માટે મૂકશે ? રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«إِذَا حَدَّثَ الرَّجُلُ الحَدِيثَ ثُمَّ الْتَفَتَ فَهِيَ أَمَانَةٌ»

અર્થાત્, જ્યારે વ્યક્તિ કોઈને કોઈ વાત કહે અને ચાલ્યો જાય, તો તે વાત તેની અમાનત હોય છે. (તિરમિઝી)

રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈ ગઝવહ (યુદ્ધ)નો ઈરાદો કરતા, તો તૈયારીનો આદેશ આપતા, પરંતુ ક્યારે જવાનું છે, ક્યાં જવાનું છે તે બતાવતા નહોતા. બુદ્ધિશાળીઓ કહે છે કે જેણે પોતાનું રહસ્ય છતું કરી દીધું, જાણે તેણે પોતાનો મામલો ખરાબ કરી નાખ્યો અને જેણે પોતાનું રહસ્ય છુપાવી રાખ્યું તેણે પોતાના મામલા પર કાબૂ કરી લીધો. કહેવામાં આવે છે કે બધાથી નબળો અને અશક્ત વ્યક્તિ એ છે, જે રહસ્યને રહસ્ય ન રાખી શકે. હઝરત ઉમર ફારૂક رضي الله عنه નું કથન છે કે જેણે પોતાના રહસ્યને છુપાવ્યું, તે હંમેશા પોતાના મામલાનો અધિકારી રહ્યો. હઝરત અલી رضي الله عنه નું કથન છે કે રહસ્ય તમારો કેદી છે અને જ્યારે તમે તેને જાહેર કરી દો છો, તો તમે તેના કેદી બની જાઓ છો.

કેટલાક લોકો જ્યારે કોઈ કામનો ઈરાદો કરે છે, તો શરૂ કરતાં પહેલા જ તેને બીજાઓની સામે જાહેર કરી દેતા હોય છે, જો કે આજની આ સ્પર્ધાત્મક દુનિયામાં ખૂબ જ ચુપચાપ પોતાનું કામ કરવું જોઈએ અને જ્યારે તેમાં સફળતા મળી જાય, તો લોકો આપોઆપ તેનાથી વાકેફ થઈ જશે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«اسْتَعِينُوا عَلَى إِنْجَاحِ الْحَوَائِجِ بِالْكِتْمَانِ، فَإِنَّ كُلَّ ذِي نِعْمَةٍ مَحْسُودٌ»

અર્થાત્, પોતાના મામલાઓમાં ગોપનીયતાથી મદદ પ્રાપ્ત કરો, કેમ કે સ્વાભાવિક રૂપે દરેક સંપન્ન વ્યક્તિથી લોકોને અકારણ ઈર્ષ્યા અને દ્વેષ થઈ જાય છે. (તબરાની, બયહકી)

અમુક લોકોને એ પણ આદત હોય છે કે પોતાના ઘરના મામલાઓ ખોલી-ખોલીને બતાવતા ફરે છે, ત્યાં સુધી કે પતિ-પત્નીના મામલાઓ પણ. આવું મિત્રો અને સાથીઓ સાથે મોટાભાગે બનતું હોય છે, જો કે આનાથી અનાદર અને ત્રાહિત વ્યક્તિ દ્વારા તેના ખાનગી અને અંગત જીવનમાં હસ્તક્ષેપ સિવાય કંઈ પ્રાપ્ત થતું નથી. વ્યક્તિએ પોતાના ઘરેલું રહસ્યોની પણ રક્ષા કરવી જોઈએ. આ પણ અમાનતદારીનો તકાદો છે. મુસલમાનોની નબળાઈઓને હવા આપવી અને તેને જાહેર કરવી કોઈ મુસલમાનને શોભા આપતું નથી. મુસલમાનનું વલણ ગોપનીય વાતો અને ખામીઓ-દોષોને છુપાવવાનું હોવું જોઈએ. અલ્લાહ તઆલાએ એ લોકોને કઠોર ચેતવણી આપી છે, જેઓ મુસલમાનોના દોષોને જાહેર કરીને તેમનામાં બૂરાઈઓને ફેલાવે છે. ફરમાવ્યું :

﴿إِنَّ ٱلَّذِينَ يُحِبُّونَ أَن تَشِيعَ ٱلْفَٰحِشَةُ فِى ٱلَّذِينَ ءَامَنُوا۟ لَهُمْ عَذَابٌ أَلِيمٌ فِى ٱلدُّنْيَا وَٱلْءَاخِرَةِ ۚ وَٱللَّهُ يَعْلَمُ وَأَنتُمْ لَا تَعْلَمُونَ ١٩﴾ النور: ١٩



www.uzairfalahi.com

અનુવાદ : ‘‘જે લોકો ઇચ્છે છે કે ઈમાનવાળાઓના સમૂહમાં અશ્લીલતા ફેલાય, તેઓ દુનિયા અને આખિરતમાં પીડાદાયક અઝાબને પાત્ર છે. અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા.’’ (સૂરઃ નૂર, આ.૧૯)

કોઈ વ્યક્તિથી જો કોઈ ગુનો થઈ જાય, તો તેનો સીધો ઉપાય એ છે કે તે યથાસંભવ જલ્દી તૌબા (પ્રાયશ્ચિત) કરી લે. તેને બીજાઓની સામે વર્ણવવું અયોગ્ય છે. તેનાથી પોતાની બદનામી સિવાય કંઈ પ્રાપ્ત થતું નથી. એ લોકો, જેઓ પોતાના ગુનાઓને ખુલ્લેઆમ જાહેર કરે છે અને જઈ-જઈને બીજાઓને બતાવે છે, તે વાસ્તવમાં ગુનાઓ પર ગર્વ કરવાવાળા હોય છે. આમને જ રસૂલુલ્લાહ ﷺ એ ‘મુજાહિરીન’ (પ્રચારક) કહ્યા છે. આપ ﷺ એ ફરમાવ્યું :

"كلّ أمتي معافّى إلا المجاهرين ، وإنّ من المُجاهرةِ أن يعملَ الرجلُ بالليلِ عملاً ، ثم يُصبحُ وقد سَترهُ اللهُ عليهِ فيقول : يا فُلان ، عَمِلتُ البارِحَةَ كَذا وكَذا ، وقد بات يَستُرُهُ ربُّهُ، ويُصبِحُ يَكشِفُ سِترَ اللهِ عَنهُ" (متفق عليه)

અર્થાત્, મારી ઉમ્મતના બધા લોકોને કયામતના દિવસે માફ કરી દેવામાં આવશે, સિવાય ‘મુજાહિરીન’ (પ્રચારક)ના. ‘મુજાહરા’ એ છે કે વ્યક્તિ રાત્રે કોઈ ગુનો કરે અને પછી સવારે અલ્લાહ તેને છુપાવી રાખે અને તે સ્વયં જ લોકોને કહેતો ફરે કે મેં રાત્રે આ અને આ કર્યું. તેણે રાત એ રીતે વીતાવી કે અલ્લાહે તેના પર પરદો ઢાંકી રાખ્યો (અર્થાત્ તેનો ગુનો છુપાવી રાખ્યો) અને સવારે તે પોતે અલ્લાહે ઢાંકી રાખેલ પરદાને ખોલી નાખે. (મુત્તફિક અલયહિ)

## ગોપનીયતા ક્યારે ગુનો છે ?

આમ તો ગુના કે દોષ પર પરદો નાખવો અને ગોપનીયતા સારો ગુણ છે, પરંતુ અમુક અવસરો એવા હોય છે, જ્યાં આ ગુનાના વર્તુળમાં આવી જાય છે. આવી ગોપનીયતા હરામ છે. જેમ કે :

### સાક્ષી :

સાક્ષીને છુપાવવું જાઈઝ (વૈધ) નથી. સાક્ષી આપવી એક કર્તવ્ય છે. આ કર્તવ્યને સારી રીતે અદા કરવું જોઈએ. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

﴿ وَلَا تَكْتُمُوا۟ ٱلشَّهَـٰدَةَ ۚ وَمَن يَكْتُمْهَا فَإِنَّهُۥٓ ءَاثِمٌ قَلْبُهُۥ ۗ ﴿٢٨٣﴾ ﴾ البقرة: ٢٨٣

અનુવાદ : ‘‘અને સાક્ષી કદાપિ ન છુપાવો. જે સાક્ષી છુપાવે છે તેનું હૃદય ગુનામાં લિપ્ત છે.’’ (સૂરઃ બકરહ, આ.૨૮૩)

### ખરીદ-વેચાણ :

વ્યક્તિ જો કોઈ વસ્તુ વેચી રહ્યો હોય, તો તેની પૂરેપૂરી હકીકત ખરીદનારને બતાવી દેવી જોઈએ.



www.uzairfalahi.com

માલમાં ખામી હોય અને તેને છુપાવવામાં આવે એ સારું અને યોગ્ય નથી. તેનાથી વેપારમાં બરકત સમાપ્ત થઈ જાય છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«البَيِّعَانِ بِالخِيَارِ مَا لَمْ يَتَفَرَّقَا، فَإِنْ صَدَقَا وَبَيَّنَا بُورِكَ لَهُمَا فِي بَيْعِهِمَا، وَإِنْ كَتَمَا وَكَذَبَا مُحِقَتْ بَرَكَةُ بَيْعِهِمَا»

અર્થાત્, ખરીદનારને અને વેચનારને ત્યાં સુધી અધિકાર છે, જ્યાં સુધી તેઓ છુટા ન પડી જાય. જો તેમણે સચ્ચાઈ પર આધારિત લેવડ-દેવડ કરી, તો તેમને બરકત પ્રાપ્ત થશે અને જો તેમણે છુપાવ્યું અને ધોકો આપ્યો, તો બરકત સમાપ્ત થઈ જશે. (બુખારી)

### જ્ઞાન :

જ્ઞાનનું છુપાવવું જાઈઝ નથી. આ ખૂબ મોટો ગુનો છે, જેની સજા અત્યંત કઠોર છે. જે વ્યક્તિ જ્ઞાનને છુપાવે છે, તેના પર અલ્લાહની ફિટકાર છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

﴿ إِنَّ ٱلَّذِينَ يَكْتُمُونَ مَآ أَنزَلْنَا مِنَ ٱلْبَيِّنَٰتِ وَٱلْهُدَىٰ مِنۢ بَعْدِ مَا بَيَّنَّٰهُ لِلنَّاسِ فِى ٱلْكِتَٰبِ ۙ أُو۟لَٰٓئِكَ يَلْعَنُهُمُ ٱللَّهُ وَيَلْعَنُهُمُ ٱللَّٰعِنُونَ ﴿١٥٩﴾ ﴾ البقرة: ١٥٩

અનુવાદ : ''જે લોકો અમારી અવતરિત કરેલ પ્રકાશિત શિક્ષાઓ અને માર્ગદર્શન છુપાવે છે, તે પછી પણ કે અમે તેને સૌ મનુષ્યોના માર્ગદર્શન માટે અમારા ગ્રંથમાં વર્ણવી ચૂક્યા છીએ, વિશ્વાસ રાખો કે અલ્લાહ પણ તેમના પર ફિટકાર કરે છે અને તમામ ફિટકાર કરનારાઓ પણ તેમના પર ફિટકાર કરે છે.'' (સૂરઃ બકરહ, આ.૧૫૯)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ وَلَا تَلْبِسُوا۟ ٱلْحَقَّ بِٱلْبَٰطِلِ وَتَكْتُمُوا۟ ٱلْحَقَّ وَأَنتُمْ تَعْلَمُونَ ﴿٤٢﴾ ﴾ البقرة: ٤٢

અનુવાદ : ''અસત્યનો રંગ ચઢાવીને સત્યને શંકાસ્પદ ન બનાવો, અને ન તો જાણવા-સમજવા છતાં સત્યને છુપાવવાની કોશિશ કરો.'' (સૂરઃ બકરહ, આ.૪૨)

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«مَنْ سُئِلَ عَنْ عِلْمٍ، فَكَتَمَهُ أَلْجَمَهُ الله بِلِجَامٍ مِنْ نَارٍ يَوْمَ الْقِيَامَةِ»

અર્થાત્, જેને કોઈ જ્ઞાનની બાબત પૂછવામાં આવી અને તેણે તેને છુપાવી, તો કયામતના દિવસે તેને આગની લગામ પહેરાવવામાં આવશે. (અબૂ દાઊદ, તિરમિઝી, ઈબ્ને માજા)

www.uzairfalahi.com